R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to; (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-23 • ISSUE: 20 DATE: 17-05-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ભારતીય જનતા પાર્ટીનો ૨૦૧૪ના લોકસભાની ચુંટણી સંગ્રામમાં ભારે બહુમતીથી વિજય

લોકસભાની ૨૦૧૪ની ચુંટણીમાં ૩૩૭ બેઠકો પર જીત મેળવીને અબકી બાર મોદી સરકારનું સુત્ર સાર્થક બન્યું છે.આ એક ઐતિહાસિક વિજય છે.કુલ મતદાનના ૩૧.૩ ટકા મતો ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને મળ્યા હતા.જો કે એક બાબત એ છે કે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અરુણ જેટલી,અમૃતસરથી ચુંટણી હારી ગયા હતા.'ગઢ આલા પર સિંહ ગેલા'ની ઉક્તી સાચી પડી છે.મોદી દ્વારા નક્કી કરવામાં આવેલા ઉમેદવારો નવા સવા હોવા છતાં પણ મોટી બહુમતીથી જીતી ગયા હતા જ્યારે ભાજપના સીનીયર નેતા કહેવાતા અને મોદીના સાથી ચુંટણીમાં શિકસ્ત પામ્યા છે.

જો કે ગુજરાતીઓને ગર્વ લેવાની વાત એ હતી કે મોદી ગુજરાતમાંથી ચુંટાઈને ગુજરાતી વડાપ્રધાન તરીકે આવશે. પરંતુ ગુજરાતની સીટ ત્યજીને તેઓએ યુપીની સીટને મહત્વ આપ્યું છે તેથી તેઓ યુપીના વડાપ્રધાન તરીકે નવાજવામાં આવશે.ભારતીય ઈતિહાસમાં યુપીમાંથી ચુંટાયેલ ઉમેદવારો વડાપ્રધાન બનવાને ભાગ્યશાળી બન્યા છે તે પરંપરા ચાલુ રહેશે. વડોદરામાંથી અન્ય કોઈને ફરીથી સાંસદની ચુંટણીમાં મોદીની ખાલી પડનાર જગ્યામાંથી ચુંટવામાં આવશે.ચુંટાયા બાદ તેમણે જાહેરસભાઓને વડોદરા,અમદાવાદ વિગેરે શહેરોમાં સંબોધી હતી.અને ભારે જનમેદની એકઠી થઈ હતી.હવે



તેમણે બોલેલા વચનો પાળવાનો વખત આવી ગયો છે.જનતા તેમની પાસે હવે હિસાબ માંગશે.ગુજરાતમાં હવે નવા મુખ્યમંત્રી કોણ આવશે તેની આતુરતા પુર્વક રાહ જોવાઈ રહી છે.



લોકસભા ૨૦૧૪ની ચુંટણીઓમાં કોગ્રેસ પક્ષ અને યુપીએ ગઠબંધનને મતદારોએ લગભગ જાકારો આપ્યો છે.જો કે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી તેમના વિસ્તારો રાયબરેલી અને અમેઠીમાંથી ચુંટાઈ આવ્યા છે તે એક માત્ર કોગ્રેસ પક્ષે રાહતનો શ્વાસ લેવા જેવી બાબત છે.કોગ્રેસ પક્ષની આશાઓ હતી તે બધી આ ચુંટણીમાં નેસ્તનાબુદ થઈ ગઈ છે. અને અબકી બાર મોદી સરકાર અને મોદી લહેર દેશમાં ચારેબાજુ ફેલાઈ ગઈ છે. તે કોગ્રેસ પક્ષ અને યુપીએ ગઠબંધને હવે તો સજ્જડ પરિણામો બાદ સ્વીકારવું પડશે.

## આમ આદમી પાર્ટીએ પ્રથમવાર ચુંટણી ચાર બેઠકો કબજે કરી



૨૦૧૪ ની લોકસભાની ચુંટણીઓમાં પ્રથમ વાર આમ આદમી પક્ષ તરીકે ચુંટણીમાં પોતાના ઉમેદવારોને ઉભા રાખીને ચાર બેઠકો જીતી જવા સમર્થ બન્યો છે.આ પહેલાં દિલ્હીની વિધાનસભાની ચુંટણીઓમાં આમ આદમીના પક્ષે વિજય મેળવીને સહુને ચોકાવી દીધા હતા. પરંતુ તેને સત્તાના સુત્રો હાથ વગા બન્યા પરંતુ તે સરકાર ચલાવવા અસમર્થ બન્યો હતો. ત્યારબાદ લોકસભાની ચુંટણી આવી અને તેમાં તેઓ પડકાર ઉભો કરી શક્યા હતા.સદનસીબે તેમને ચાર સીટો જ મળી અને જેવી ધારણાઓ રખાઈહતી કે ત્રીશંકુ સરકાર બનશે તે ખોટી પડી અને ભાજપને ભારે બહુમતી મળી.નહિતર આપની ચાર સીટો પણ ગઠબંધનની સરકારમાં અગત્યનું ફેકટર બની જાત.આપના નેતા કેજરીવાલ ચુંટણીમાં પરાસ્ત બન્યા છે.

## ગુજરાતમાં વિધાનસભાની ૭ બેઠકોની પેટા ચુંટણીમાં ભાજપને ૪ અને કોગ્રેસને ૩ બેઠકો મળી.

ગુજરાતની વિધાનસભાની ૭ બેઠકોની પેટા ચુંટણીમાં ભાજપને ચાર અને કોગ્રેસને ત્રણ બેઠકો મળી છે.કોગ્રેસ માટે થોડાક હાશકારો એ બાબતનો છે કે મોદી લહેરમાં એમને ત્રણ બેઠકો સમ ખાવા પુરતી તો મળી છે. જો કે ભાજપના ચાર ચુંટાયેલ ઉમેદવારો પૈકીના કોગ્રેસના બાવકું ઉઘાડ,રાજેન્દ્રસિંહ ચાવડા, અને જસા બારડ ભાજપના ઉમેદવાર તરીકે ચુંટાયા છે. જ્યારેઅબડાસા,માંડવી અને વિસાવદરની બેઠક પરથી કોગ્રેસના ઉમેદવાર શક્તિસિંહ ગોહિલ,આનંદ ચૌધરી, અને હર્ષદ રીબડીયા વિજયી નિવડ્યા હતા.

ગુજરાતના પુર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલે ગુજરાત પરિવર્તન પાર્ટી સ્થાપી હતી અને તેના ઉમેદવાર તરીકે વિજયી પણ બન્યા હતા. તેઓએ રાજીનામુ આપી તેમના પુત્ર ભરત પટેલને ભાજપના ઉમેદવાર તરીકે ઉભા રાખ્યા હતા.પરંતુ તેઓનો કોગ્રેસના ઉમેદવાર સામે પરાજય થયો હતો.

આવનાર છ મહિનામાં ગુજરાતમાં વિધાનસભાની ૯ બેઠકો પર પેટા ચુંટણીઓ યોજાશે.લોકસભાની ચુંટણીમાં ભાજપના નવ ધારાસભ્યો ઉભા રહ્યા હતા. તેઓ ચુંટાઈ જતાં તેઓ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપતાં આ જગ્યાઓ ખાલી પડશે અને તેના માટે પેટા ચુંટણીઓ યોજાશે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ગુજરાતમાં ભાજપ ૨૬ મિશન સફળ : લોકસભાની તમામે તમામ બેઠકો ભારે બહુમતીથી ભાજપે અંકે કરી

ગુજરાતમાંથી લોકસભાની ૨૬ બેઠકો પૈકી કોગ્રેસને આશા હતી કે તેઓ છેલ્લે છેલ્લે આઠ થી દસ બેઠકોમાં સારો દેખાવ કરી શકશે અને જીતી પણ શકશે. પરંતુ પરિણામોએ સ્પષ્ટ કરી આપ્યું કે ગુજરાતમાંથી ભારતીય જનતા પાર્ટીએ વિધાનસભાની બેઠકોમાં પણ બહુમતી સતત ત્રીજી વાર સિધ્ધ કરી હતી તે પ્રમાણે લોકસભાની બેઠકોમાં સંપુર્ણ પણે ૨૬ એ ૨૬ બેઠકો પોતાના ખાતામાં જમા લઈ લીધી છે.ગુજરાતમાં જે રીતે ભારતીય જનતા પાર્ટીનો કેસરીયો ધ્વજ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લહેરાવ્યો છે તેથી કોગ્રેસ પક્ષને ગુજરાતમાં બેઠુ થવું ભારે કષ્ટદાયક છે.ગુજરાતમાં હવે એવા કોઈ કોગ્રેસી નેતાઓ બચ્યા નથી જે તેમના પક્ષને ફરીથી નવજીવન પ્રદાન કરી શકે કે બેઠો કરીને ચુંટણીઓમાં જીત અપાવી શકે.

લોકસભામાં ભારતીય જનતા પાર્ટી અને ખાસ કરીને મોદી લહેરે જે રીતે ડંકો વગાડ્યો છે તે જોતા, હવે તેમની બીજી ઈનિગમાં તેઓ દેશમાં કેવા ફેરફારો અને લોકોના હિતમાં કાર્ય કરી શકે છે તે તેમને બીજા પાંચ વર્ષ માટે બક્ષીસ કરી શકશે. એટલે હવે કોગ્રેસ બીજા દશ વર્ષનો સંન્યાસ ગ્રહણ કરવાનો વારો આવ્યો છે. તેમની પાસે કાર્યકરોની ખોટ તો પહેલાથી જ હતી અને હવે નેતાઓની ખોટ પણ પડશે. કારણકે હજુ કેટલા ઉંદરડા નાવ છોડીને જીવતા રહેવા દરિયામાં કુદી પડે છે તે જોવાનું રહેશે.

તાજેતરની ચુંટણીઓની અનેક સમીક્ષાઓ થઈ છે. મીડીયા અને ઈલેટ્રોનીક્સ માધ્યમો પર ચર્ચાઓ પણ થઈ છે. એક સુર નીકળે છે કે કોઈ પણ પક્ષ કરતાં વ્યક્તિએ અગત્યનો ભાગ ભજવ્યો હોય તો તે આ ચુંટણી છે ૨૦૧૪ની લોકસભાની ચુંટણી માત્ર ને માત્ર નરેન્દ્ર મોદી વર્ષીસ અન્યો એમ કહેવામાં કોઈ ખામી નથી.માત્ર કોઈપક્ષ કરતાં એક વ્યક્તિલક્ષી આ ચુંટણી અને તેમાં ઐતિહાસિક વિજય મળે તે પ્રશંસનીય છે.

કોગ્રેસ પક્ષ અને અન્યો તેમના સાથીઓને હવે ખામીઓ શોધવા માટે અનુકુળ સમય મળી રહેશે અને તે માટે બીજા દસ વર્ષ એ અચુક સારો સમય ગણાશે. જાહેર સભાઓમાં મોદીએ એક વાત લોકોને કહી છે કે મને બીજા દસ વર્ષ આપો હું પરિવર્તન કરી આપીશ.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ગુજરાતની લોકસભાની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ તમામે તમામ સીટો અંકે કરીને ભગવો ઝંડો લહેરાવી દીધો.કોગ્રેસના દિગ્ગજ ગણાતા નેતાઓને કારમી હાર ખમવી પડી છે.જો કે તેમની સામે માત્ર મોદી લહેર જ ચાલી ગઈ છે તેમ કહેવુ ંપણ ખોટું નથી.જે રીતે આખા દેશમાં મોદી લહેર, અને અબકી બાર મોદી સરકારના સુત્રનો જાદુ છવાઈ ગયો તેના ધોડાપુરમાં કોગ્રેસના દિગ્ગજજો તણાઈ ગયા.

પોરબંદરની એકમાત્ર સીટ એનસીપીને ફાળે ગઈ હતી. આ સીટ પરથી ભુતપુર્વ કોગ્રેસના સાંસદ વિઠ્ઠલ રાદડીયા અને કાંધલ જાડેજા બે બાહુબલીઓ વચ્ચેનો જંગ હતો.એનસીપીને એવી ખાત્રી હતી કે તેઓ કદાચ આ સીટ મેળવી જશે પરંતુ મોદી લહેરમાં તેમના બાહુબલીનો પરાજય થયો હતો.

સહુથી મોટા આશ્ચર્યની બાબત એ છે કે યુપીમાંથી માયાવતીના પક્ષને એકપણ સીટ મળી નથી. પરંતુ પશ્ચિમ બંગાળમાં મમતાજીએ તેમનો ગઢ મજબુત રાખ્યો,તામીલનાડુંમાં જય લલીતાએ પણ પોતાની ગઢ મજબુત રાખ્યો અને ઓરિસ્સામાં નવીન પટનાયકે પણ પોતાનું વર્ચસ્વ મોદી લહેરમાં પણ મજબુત રાખ્યું.જો આ દિગ્ગજોના ગઢોમાં મોદી લહેરથી ગાબડા પડ્યા હોત તો એવી બહુમતી ઉભી થાત જે એક સરમુખ્યતાર પેદા કરી શકે.

મુલાયમસિંહ યાદવ, યુપીમાં, બિહારના મુખ્યમંત્રી પણ પોતાનું વજુદ ઉભુ રાખવામાં નિષ્ફળ ગયા છે. આ ચુંટણીઓમાં હવે નિષ્ફળતા બાબતે કોઈ ચર્ચા કરવાનો અવકાશ બાકી રહેતો નથી.માત્ર મંથન કરવાનું બાકી રહે છે કે આવનાર દિવસોમાં તમામ પક્ષોએ કેવી રીતે પોતાને તૈયાર કરવો જેથી મોદી સરકાર સામે અસરકારક બની શકાય.

અનુ. પાન નં ૪ નું ચાલુ

થઈ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીડીં કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦)કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

લેખકઃ હસમુખ પટેલ ()સૌ.સંદેશ

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે**

શ્રી ભાઈલાલભાઈ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ,નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી,નડીયાદ.૨

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત
વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે
અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૦)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૧૪ | એમએસડબલ્યુ,એમબીએ(એચઆર)લંડન | ૧-૪-૮૫ | - | સીએનઆઇ | કુંવારા |
| ૩૧૫ | બીઈ(મીકેનીકલ) | ૨૦-૧૨-૭૮ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૬ | ડીપ્લો.ઈલે.એન્જી.બીબીએ(લંડન) | ૧૧-૬-૮૬ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૩૧૭ | બીઈ કોમ્પ્યુ.એન્જી. | ૨૩-૧૦-૮૫ | ૬૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૮ | એમસીએ | ૨૧-૯-૮૩ | ૧૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૯ | એમએસસી,માઈક્રો.બીસીએ કોમ્પ્યુ. | ૨૫-૧-૮૦ | ૨૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૦ | ૧૨પાસ,હાર્ડ,નેટ કોમ્પ્યુ.ડીપીપીપીજીડીએમ. ડીસીએ,ઓફીસ મેનેજમેન્ટ કોર્ષ | ૨૮-૩-૮૭ | ૧૦૫૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૧ | બીકોમ.ડીપ્લો.ઈન્ડ્.મટી.મેનેજમેન્ટ | ૧૬-૧૦-૮૩ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૨ | એમસીએ,એમએસસી(આઈટી) | ૨૪-૨-૯૦ | ૨૪૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૩ | બીએસસી.કેમેસ્ટ્રી પીજીડીસીએ,આઈબીએમ, એસીઈ(અમેરીકા) | ૨૬-૧૦-૭૫ | ૩ લાખ | મેથો. | કુંવારા |
| ૬૩૧ | ૧૨ પાસ | ૩-૯-૮૧ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૨ | ૯ પાસ | ૧૬-૮-૭૯ | ૬૦૦૦ | બ્રધરન | કુંવારા |
| ૬૩૩ | બી.એ. | ૧૬-૮-૭૯ | ૧૫૦૦૦ | બ્રધરન | કુંવારા |
| ૬૩૪ | બીકોમ.પીજીડીસીએ | ૧-૭-૮૭ | ૭૨૫૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૫ | બી.એડ. | ૩-૯-૮૪ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૬ | એમ.એ. બી.એડ. | ૨-૯-૮૧ | ૮૭૫૦ | સા.આર્મી. | કુંવાારા |
| ૬૩૭ | બીકોમ. | ૬-૮-૮૫ | ૧૩૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૬૩૮ | પીટીસી.એમએ વીથ ઈગ્લીસ. | ૧૨-૫-૮૬ | ૫૩૦૦ | મેથો. | કુંવારા |
| ૨૨૩ | બીએ. | ૧૮-૭-૭૫ | ૧૦૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૨૪ | ૧૨ પાસ | ૩-૧૧-૭૮ | ૧૦૮૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૨૫ | ૮ પાસ | ૧૫-૭-૩૭ | ૧૪૮૦૦ | મેથો. | વિધુર |
| ૨૨૬ | બીકોમ.એમબીએ,ડીપ્લો.બિઝનેસ મેને.(ઓસ્ટ્રે.) | ૨૩-૫-૮૧ | - | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૨૭ | ૧૨ પાસ,હોટલ મેનેજમેન્ટ કોર્ષ | ૧૭-૪-૮૨ | ૧૨૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૨૮ | ૧૨ પાસ. ઈકોનોમીક. | ૨૨-૭-૬૮ | ૧૨૦૦૦ | આઈ.પી. | છુટાછેડા |
| ૨૨૯ | ૧૨ પાસ | ૧૬-૮-૭૯ | ૬૦૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૦) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨૨ | બીએસસી.ફીઝીક્સ.એમએ(જર્ના)એમબીએ(ચાલુ) | ૩૧-૩-૮૨ | - | આર.સી. | કુંવારા |
| ૩૨૩ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૦-૧૨-૮૭ | ૧૪૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૨૪ | જીએનએમ ૩૧/૨ નડીયાદ મેથોડીસ્ટ | ૧૬-૩-૯૭ | ૯૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૫ | ૧૨ સાયન્સ.બીસીએ,એમએચઆરએમ. | ૧૭-૧૨-૮૭ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૬ | ડોકટર, ઈન આરોમા થેરાપી. | ૪-૮-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૩૨૭ | જીએનએમ.બીએસસી રનીંગ | ૨૦-૧-૮૫ | ૧૪૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૨૮ | બીએસસી.ઈસી.ડીપ્લો.બીટેક,એમએસ.હાર્ડનેટ | ૧૯-૧૧-૮૬ | ૭૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૯ | બીસીએ.એમઈબી,માસ્ટર ઈન ફાઈનાન્સ એન્ડ ઈનવેસ્ટમેન્ટ બેકીંગ લંડન,એચઆરએમ લંડન | ૧૮-૧૧-૮૨ | ૩૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૩૦ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૮-૨-૯૦ | ૮૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૧ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૨૫-૨-૮૭ | ૧૨૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૧૭ | બીસીએ.ઓસીપી | ૧-૧૦-૮૧ | ૧૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૧૪ | પીટીસી,બીએ,બીએડ.બી.ડાન્સ.એમએ ચાલું | ૧-૧૦-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૪૧૫ | બી.એ. | ૪-૧૧-૮૯ | - | આર.સી. | કુંવારા |
| ૪૧૬ | ૯ પાસ | ૩-૧૧-૮૬ | ૬૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૧૮ | એમએ,બીએડ.(ઈગ્લીસ) | ૫-૬-૮૫ | ૯૪૪૦ | આર.સી. | કુંવારા |
| ૪૧૯ | બીએ બીએડ. | ૬-૩-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૪૨૦ | પીટીસી.બીએસસી.બીએડ | ૫-૬-૮૭ | ૫૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૨૧ | એમએ.બીએડ. | ૬-૧૦-૭૯ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૨૨ | ૧૦ પાસ | ૧૫-૬-૮૦ | ૩૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૨૩ | એમએસસી.રીટેલશોપ મેનેજ.કોર્ષ,એમબીએ ચાલુ | ૧૪-૪-૭૮ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૧૬ | બીકોમ.ઈગ્લીંસ મીડી.એમબીએ ફાયનાન્સ. | ૧૩-૯-૮૬ | ૩૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૩૨ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૧૦-૪-૮૪ | ૧૩૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૩૮ | પીટીસી.બીએ. | -૫-૫-૭૭ | ૩૦૦૦૦ | આર.સી. | વિધવા |
| ૧૩૯ | એમ.કોમ.ટેલ.ઈઆરપી.૯ | ૧-૫-૭૬ | ૮૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**



સેન્જીયંગ વેન્ઝહોયુ ચર્ચ,ચીનમાં સરકાર દ્વારા તોડી પાડવામાં આવ્યું તેનું દશ્ય : ટેલીગ્રાફ કો.યુકે સૌજન્ય

## માણસની ઇચ્છાઓને અનેક પાંખ હોય છે.

સંતોષી નર સદા સુખી હોય છે.માણસની ઈચ્છાઓને અનેક પાંખ હોય છે. એને ધરપત રહેતી નથી.સામેના પાસે આટલુ બધું છે તો મારી પાસે કેમ નહીં ?એ એનો મુળભુત પ્રશ્ન હોય છે. તેથી એમ કહેવાય છે કે અજ્ઞાનતા કે અસમજ અસંતોષ પેદા કરે છે.જેનામાં સમજ છે, એ તો માને છે કે કીડીને કણ અને હાથીને મણ.વેદવ્યાસે મહાભારતમાં કહ્યુ છે કે 'અજ્ઞાની અસંતોષી હોય છે. જ્ઞાનવાનોને સંતોષ પ્રાપ્ત થાય છે.અસંતોષનો અંત નથી,સંતોષ જ પરમ સુખ છે, આ સુખને કોણ માણી શકે?જેનામાં સમજ છે, એ એને પામી શકે છે. અસંતોષી હંમેશાં દુ:ખી હોય છે'પતંજલિએ યોગસુત્રમાં કહ્યુ છે કે ' સંતોષથી સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. 'સંતોષી માણસ કોઇ પણ પરિસ્થિતિમાં વિચલિત થતો નથી.મહોપનિષદમાં કહ્યુ છે 'જો અપ્રાપ્ત વસ્તુની ચિંતા કરતા નથી અને જે પ્રાપ્ત થયુ છે તેના માટે સમાન રહે છે, જેણે સુખ કે દુ:ખ જોયું નથી એ જ સંતોષી કહેવાય છે. જે સુખમાં છકી ના જાય અને દુ:ખમાં ભાંગી ન પડે એ જ સંતોષનો ગુણ છે.' મહાભારતના શાંતિ પર્વમાં તો કહ્યુ છે 'માણસના મનમાં સંતોષ હોવો તે સ્વર્ગ પ્રાપ્તિથી પણ વધારે છે. સંતોષ જ સૌથી મોટુ સુખ છે.સંતોષ જો મનમાં ઠીકઠાક સ્થપાઇ જાય તો એનાથી વિશેષ આ સંસારમાં કંઇ જ નથી. સંતોષ જ સુખ લાવે છે.માણસને અતૃપ્તિ બેચેન બનાવે છે.તૃપ્તિ જ સ્વસ્થ રાખે છે, આનંદ આપે છે. 'ભાગવતમાં કહ્યુ છે સંતોષી મનવાળા માટે સદાય બધી જ દીશાઓ સુખમય છે. જેવી રીતે પગરખાં પહેરવાથી કાંકરા અને કાંટાથી દુ:ખ થતું નથી,એનાથી બચી જવાય છે. સંતોષ જ આપણા માટે સુખની ચાવી છે.ગુહસ્થીઓએ પણ ધર્મ,અર્થ એ કામ માટે વધારે કષ્ટ ઉઠાવવુ જોઇએ નહીં.જેવો દેશ, જેવો સમય અને જેવુ ભાગ્ય - જે મળી જાય એનાથી સંતોષ માણવો જોઇએ.

સંતોષ એટલે તૃપ્તિ, સમાધાન,સુખ (૨)હોય તેટલાથી રાજી રહેવું તે એવા અર્થ થાય છે.ગૌત્તમ બુધ્ધે કહ્યુ છે 'સંતોષ સૌથી મોટું સુખ છે. અને અસંતોષ સૌથી મોટું દુ:ખ છે. તેથી સુખ ઇચ્છનારે હંમેશાં સંતોષી રહેવુ જોઇએ. 'પણ કેટલાંક લોકોને કોઇ પણ બાબતે સંતોષ હોતો નથી. અઢળક ધન મેળવવા છતાં તે અસંતુષ્ટ અને સદાય નિર્ધન છે. ધન ન હોવા છતાં જે સંતોષી છે તે સદાય ધનવાન છે.ધ્યાનરુપી અમૃતના પ્રવાહમાં ડુબેલા ચિત્તવાળાઓને આ પ્રકારનો સંતોષ થઇ જાય છે.એવા લોકોને મોક્ષની પણ ઇચ્છા નથી.જેને કોઇ અપેક્ષા નથી આમ તો એવુંજ કહેવાય છે કે દુ:ખોના મુળમાં અપેક્ષાઓ રહેલી છે.

ભાગ્યમાં હોય એનાથી વધારે મળતું નથી.કારણકે બધુંજ ભાગ્યને આધીન છે.તેથી સદાય સંતોષ રાખવો જોઇએ.માણસે શાંતિ જોઇતી હોય તો સંતોષ રાખવો જોઇએ.જેને સંતોષ છે એના માટે આ આખુ જગત એની સંપત્તિ છે.એવા આત્મસંતોષી લોકોને ધન્યવાદ છે કે જેના હાથ જ પવિત્ર પાત્ર છે. જે માણસ જેમાં સંતોષ માને, એજ એના માટે અગત્યનુ હોય છે. પણ માણસની એષણાઓનો પાર નથી. એને ધરપત હોતી નથી.આપણે શું જોઇએ. બે ટાઇમ ખાવાનુ અને માથું ઢાંકવા છાપરુ,એના માટે કેટલા ધમપછાડા કરવા પડે છે ?જેને સંતોષ નથી એ કાયમ માટે દુ:ખી રહે છે. જેની તૃષ્ણા મોટી હોય છે એ જ ગરીબ છે.મનનો સંતોષ હોય પછી કોણ ગરીબ અને કોણ ધનવાન.મનનો સંતોષ જ સર્વશ્રેષ્ઠ છે.

માણસની નબળાઇ એટલી છે કે એને કંઇ મળે તો વધારે મેળવવાનો લોભ જાગે છે. માણસના મનનુ એવું છે કે તેનો ઘડો ભરાતો જ નથી. રોજ રોજ ઘડાનુ કદ વધવા માંડે છે.આ દુનિયામાં દાન જેવી બીજી કોઇ ઉત્તમ ક્રિયા નથી.લોભના જેવો બીજો કોઇ શત્રુ નથી.સારા સ્વભાવ જેવુ કોઇ આભુષણ નથી.અને સંતોષ જેવુ બીજુ કોઇ ધન નથી.સંતોષ એ સુખની નિશાની છે. ઇચ્છા આકાશ જેટલી અનંત છે.ઇચ્છાઓનો ક્યારેય અંત નથી.પરિણામે ઇચ્છાઓનુ આકાશ વિસ્તરતુ જ રહે છે. એના કારણે માણસ પાસે જે હોય છે તેને પણ તે સુખથી ભોગવી શકતો નથી.એ તો જે કાંઇ મેળવ્યુ છે તેનો ચોકી પહેરો કરે છે.અને બીજુ મેળવવા મથામણ કરે છે.એનો અસંતોષ જ એને ખતમ કરી નાં ખે છે.એનો સંતોષ એ જ શ્રેષ્ઠ સુખ છે એ ભોગવી શકતો નથી

ડૉ કિશોરસિંહ સોલંકી

(સૌ.સંદેશ)


### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીઆદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## સીરીયામાં ખ્રિસ્તીઓએ રહેવું હશે તો જબજસ્તીથી ઇસ્લામીક કાયદાઓને પાળવાનો કરાર કરવો પડશે

રકાહ,સીરીયામાં રહેતા ખ્રિસ્તીઓને ઈસ્લામીક કટ્ટરવાદીઓના સંગઠને ઈસ્લામીક કાયદા પાળવા માટેનો કરાર તૈયાર કર્યો છે જેમાં તેમની જબરજસ્તીથી સહી કરાવવામાં આવી રહી છે.હાલમાં રકાહ સીટી જે ઈસ્લામીક એક્સટ્રીમીસ્ટોના કબજામાં છે.ધ ઈસ્લામીક સ્ટેટ ઓફ ઈરાક અને એશ -શામ (આઈએસઆઈએસ)દ્વારા આ કાયદાઓને એક કરારનું સ્વરુપ આપવામાં આવ્યું છે.જેમા ખ્રિસ્તીઓના લીડરોને સહી કરવા ફરમાન જારી કરવામાં આવ્યું છે. જેમાં ત્રણ પ્રકારના ઓપ્શન આપવામાં આવ્યા છે.પ્રથમ ઈસ્લામ ધર્મનો અંગીકાર કરી ધર્મ પરિવર્તન કરો અને સલામત રીતે જીવો.નહિતર તેને ઈસ્લામના શત્રુ માનવામાં આવશે.આ કરારને એક્સટ્રીમીસ્ટની વેબસાઈટ પર મુકવામાં આવ્યો છે.બીજા ઓપ્શનમા જણાવ્યા પ્રમાણે ખ્રિસ્તીઓએ જીઝયા વેરો ચુકવવાનો છે.આ ખાસ પ્રકારનો ટેક્ષ છે.અને આ પ્રકારનો ટેક્ષ ભર્યા બાદ ખ્રિસ્તીઓ તેમની ધાર્મિક આસ્થા કે પ્રાર્થના વિધિને ખાનગીમાં એટલે કે મુસ્લીમોની નજર ના પડે તે રીત કરવાની છે.ખાનગીમાં તેઓ ઈબાદત કરી શકશે.

કોઈપણ પ્રકારના ખ્રિસ્તિ સિમ્બોલ જાહેરમાં દેખાડી શકાશે નહી.ઈસ્લામીક ધાર્મિક વિધિઓ અનુસાર તેમણે ડ્રેસકોડ અને જમણવારના નિયમોનું પાલન કરવું પડશે.આ ઉપરાંત તેઓ પોતાના ધાર્મિક સ્થળો બાધી શકશે નહી તેમજ તેનું રીપેરીંગ પણ કરી શકશે નહી,કે જે તોફાનો દરમિયાન ક્ષતિગ્રસ્ત બન્યા છે તે. આ પ્રકારની સીસ્ટમ જાહેરમાં ચાલતી નહોતી પરંતુ ખાનગીમાં તે હતી પરંતુ જ્યારથી આ કટ્ટરવાદીઓએ સીટીનો કબજો પુરેપુરો લઇ લીધો છે ત્યારબાદ તેમણે આ કરારને જાહેરમાં મુક્યો છે.રકાહમાં ૨૦૧૧માં ૩ હજાર જેટલા ખ્રિસ્તીઓની વસ્તી હતી. કે જે કુલ વસ્તીના ૧ ટકા જેટલી હતી

જ્યારે કાચ તુટે છે ત્યારે તેની તુટવાની ઝડપ ૩૦૦૦ પ્રતિ કલાકની હોય છે મેડીકલ શાખામાં શરદીનો પ્રથમ કેસ ૧૬૧૧માં ઇંગ્લેન્ડમાં નોંધાયો હતો.


### અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.

શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર,
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),
અમદાવાદ.૮

ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,
અમદાવાદ.૨૨

શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા
રાયખડ,અમદાવાદ.૧

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

### કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# નાઇજીરીયમાં બોકો હરામ દ્વારા અપહરણ કરાયેલ છોકરીઓને વેચી કઢાશે ?

બોકો હરામ દ્વારા નાઈજીરીયાની ૨૦૦ થી વધુ સ્કુલ કન્યાઓ અને મહિલાઓના અપહરણના મામલે સમગ્ર દેશમાં અને વિદેશોમાં અપહરણકારો સામે પગલાં લઈ આ બંધકોને છોડાવવાની માંગણી થઈ રહી છે.નાઈજીરીયામાં આ બાબતે ઉગ્ર પ્રદર્શનો થઈ રહ્યા છે.નાઈજીરીયાના પ્રમુખ ગુડલક જોનાથાને સીક્યુરીટીના અગ્રણીઓ સાથે આ બાબતે વાતચીત કરી હતી.તેમણે કહ્યું હતું કે આ બાબતે બધું જ કરવામાં આવશે અને આ બંધકોને મુક્ત કરાવવામાં આવશે.આ મીટીંગમાં સીક્યુરીટી ચીફ,બોર્નો સ્ટેટના અધિકારીઓ,અને ચીબોક ટાઉનના અગ્રણીઓ,તેમજ સ્કુલના પ્રિન્સીપાલ કે જ્યાંથી આ કન્યાઓનું અપહરણ કરવામાં આવ્યું છે તે તમામ સાથે પ્રમુખે ચર્ચાઓ કરી હતી.નાઈજીરીયાની સરકાર અને મીલીટરી ૧૫ એપ્રિલે થયેલ અપહરણ બાદ હજુ સુધી કોઈપણ કાર્યવાહી કરી શકેલ નથી.એવું કહેવાઈ રહ્યું છે કે આ અપહરણ કરાયેલ કન્યાઓ પૈકીની કેટલીકને બોકો હરામના આતંકીઓ સાથે લગ્ન કરવાની ફરજ પડાઈ છે.કેટલાક વાલીઓના જણાવ્યા પ્રમાણે માત્ર ૧૨ ડોલરમાં તેમની દીકરીઓને બોકો હરામે વેચી દીધી છે. જો કે સરકાર તરફથી કોઈ માહીતી મળેલ નથી.એક કોમ્યુનીટી લીડરના જણાવ્યા પ્રમાણે બોકો હરામ તરફથી બંધકોના છુટકારા માટે નાણાંની માંગણી કરાઈ રહી છે.જ્યારે કેટલાકનું કહેવું છે કે બંધકોને લઈને અપહરણકારો કેમરુન અને ચેડની બોર્ડરોમાં ઘુસી ગયા છે.

અમેરીકા તરફથી વાઈટહાઉસમાંથી જાહેરાત કરવામાં આવી હતી કે તેઓ મીલીટરી અને ઈન્ટેલીજન્સ પર્સન તેમજ બંધકોને છોડાવવા માટે મધ્યસ્થી અને ચર્ચા કરનાર વ્યક્તિઓને નાઈજીરીયાની સરકારને મદદ કરવા માટે મોકલી રહ્યા છે.વાઈટ હાઉસ સ્પોક્સ મેન જે કેરનીએ જણાવ્યું હતું કે ટીમમાં ટ્રુપને સામેલ કરવામાં આવશે નહી.તેમણે કેટલા સભ્યો જશે તે પણ જણાવ્યુ નહોતું.અથવા તો તેઓ કેવી કાર્યવાહી કરશે તે પણ જણાવ્યું નહોતું.

જો કે નાઈજીરીયા ઈસ્લામીક ટેરરીસ્ટ લીડર તરફથી જણાવાયું હતું કે તેઓ આ છોકરીઓને વેચી દેશે.બોકો હરામના નેતા અબુબકર શેકાઉ એ આ અપહરણ બાબતે પોતાની જવાબદારી સ્વીકારી હતી.તેણ કહ્યું હતુ કે અલ્લાહની મહેરબાનીથી હું આ છોકરીઓને વેચી દઈશ,મારી પાસે તેમને વેચવા માટે બજાર ઉપલબ્ધ છે.આ જાહેરાત થતાંની સાથે વિશ્વભરમાં તેના પડઘા પડ્યા છે.









વિનંતી
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને
ખાસ યાદ રાખશો.

# ટુ બી ઓર નોટ ટુ બી,જેવી સ્થિતિ જીવનમાં વારંવાર આવે

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઈ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાક્યમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્વિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઈપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઈ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાસ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબેશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતને વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઈ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઈ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઈ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઈ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જ્યારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબેશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથી ઝીઆની દાઈએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળે તેને કોમનમેનને નવાઈ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનને ધીરજપુર્વક કોઈપણ બાબતમાં નિરાંતે શ્વાસ લેવાની સગવડ થઈ છે.જો કે અર્થશાસ્ત્રી યુજીન ફામાએ અર્થશાસ્ત્રના જે સિંધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કરાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાછી અને સફળ પુરવાર થઈ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દ્દષ્ટિએ પણ ધીરજનો ગુણ ધૈર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યું છે કે લગ્ન લાંભા ગાળા સુધી હતાશા અને દુઃખ સામે રક્ષણ આપે છેકારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેઈલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલ ાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઈલાજ પુરવાર થાય છે.એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઈજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઈ જવાથી રોગનો સમયસર યોગ્ય ઈલાજ

અનુ. પાન નં. ૨ ઉપર

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.